ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં.એકેડેમિક/16691 /૨૦૨૫ તા.21-૦૨-૨૦૨૫

પરિપત્ર
આ યુનિવર્સિટી સંલગ્ન જુદી-જુદી વિદ્યાશાખાનું એડહોક
જોડાણ ધરાવતી અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની
કોલેજોના આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓ તરફ.............

વિષય : જોડાણ અરજી બાબત.
સંદર્ભ : ૧.નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગરની કચેરીનો પત્રાંક આઈએસસી-૭/જોડાણ/૨૦૨૪/૭૭૦-૭૭૭ તા.૧૩-૧૧-૨૦૨૪.
૨.નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગરની કચેરીનો પત્રાંક આઈએસસી-૭/જોડાણ/૨૦૨૫/૪૦-૭૪ તા.૧૮-૦૧-૨૦૨૫.

બહેનશ્રી/શ્રીમાન,

આપને સુવિદિત છે તેમ **ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ ૨૦૨૩** લાગુ થયેલ હોઈ કોલેજ/સંસ્થાઓના જોડાણ સંદર્ભે નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગરના ઉપરોક્ત સંદર્ભીત આ સાથે સામેલ પત્રો ધ્યાને લઈ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો-સંસ્થાઓએ ઉદયમ કોજંટ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવુ ફરજ્યાત છે જે કરવાનુ રહેશે ત્યાર બાદ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના ઉપરોક્ત સંદર્ભીત પત્રો મુજબ જોડાણ અંગેની ઓન લાઇન કાર્યવાહી કરવા વિનંતી છે.

જોડાણ સંદર્ભે હાયર એન્ડ ટેકનીકલ એજ્યુકેશન,ગુજરાત સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવેલ યુઝર મેન્યુઅલ ફોર એફીલીએશન મોડ્યુલ્સ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે જે જોવા વિનંતી.

(આ અંગે જો કોઈ પ્રશ્ન હોય તો યુઝર મેન્યુલમાં દર્શાવવામાં આવેલ ફોન નંબર/ઇ-મેઈલનો સંપર્ક કરવા વિનંતી છે.)

આપનો વિશ્વાસુ

કુલસચિવ

બિડાણ: નાયબ નિયામકશ્રીની કચેરીના ઉપરોક્ત સંદર્ભીત પત્રોની નકલ.

જા.નં. ISC-7/જોડાણ/૨૦૨૫/ ૪૦-૭૪
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૨,ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર
તા.૧૬/૦૧/૨૦૨૫

**વંચાણે લીધેલ:** અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: ISC-7/જોડાણ/૨૦૨૪/૭૭૦-૭૭૭, તા.૧૩/૧૧/૨૦૨૪

**પરિપત્ર:**

હાલની સ્થિતિએ સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ અને કાયમી જોડાણની દરખાસ્ત યુનિવર્સિટી મારફત અત્રેની કચેરીને જરૂરી આધારો સહિત ફાઇલ સ્વરૂપે હાર્ડકોપીમાં મોકલવામાં આવતી હતી.જેમાં દરેક યુનિવર્સિટી દ્વારા મોકલવામાં આવતી દરખાસ્તોમાં એકસૂત્રતા અને સમય મર્યાદા જળવાતી ન હતી,જેથી અત્રેની કચેરી દ્વારા સદર બાબતના નિવારણ અર્થે અને ડિજીટલાઇઝેશનના ભાગરૂપે સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ અને કાયમી જોડાણની દરખાસ્ત માટે ઉદયમ કોજંટ પોર્ટલ બનાવવામાં આવેલ અને સદર પોર્ટલ બાબતે વિડિયો કોન્ફરન્સ કરી અત્રેની કચેરી દ્વારા તમામ યુનિવર્સિટીને ઓનલાઇન કામગીરી માટે અવગત કરી તાલિમ આપવામાં આવેલ હતી.

અત્રેની કચેરીના વંચાણે લીધેલ પત્રથી રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીને સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ અને કાયમી જોડાણની દરખાસ્ત ઓનલાઇન ઉદયમ કોજંટ પોર્ટલ પર એફિલેશન મોડ્યુલ દ્વારા મેળવવાની પૂર્વ તૈયારીના ભાગરૂપે તથા યુનિવર્સિટી સંલગ્ન એવી કુલ-૦૫ સંસ્થાઓની( ૩- સૈધ્ધાતિક પૂર્વ મંજૂરી માટે અરજી, ૧-ચાલુ જોડાણ અને ૧-કાયમી જોડાણ)અભ્યાસક્રમ માટેની દરખાસ્તો અત્રેની કચેરીને ઓનલાઇન પોર્ટલ મારફતે મળે તેમ કરવા જણાવવામાં આવેલ અને યુઝર મેન્યુઅલ યુનિવર્સિટીઓને પૂરા પાડવામાં આવેલ હતા.

આપની યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતી અને આપની યુનિવર્સિટી સાથે સંલગ્નતા મેળવવા ઇચ્છતી કે સંલગ્નતા ધરાવતી ખાનગી ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા સંચાલિત ખાનગી કોલેજોની સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ,કાયમી જોડાણ તથા સરકારી કોલેજોની જોડાણ અંગેની દરખાસ્ત આ પરિપત્ર થયા બાદથી આપની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના બાકી રહેલા વર્ષોના ચાલુ જોડાણના જાહેરનામા તથા સૈધ્ધાતિક મંજુરી અંગેની દરખાસ્તો ફરજિયાત પણે ઓનલાઇન પોર્ટલ મારફત કરવાની રહેશે કોઇ પણ સંજોગોમાં સૈધ્ધાંતિક પુર્વ મંજુરી, ચાલુ જોડાણ અને કાયમી જોડાણની દરખાસ્ત ઓફલાઇન/હાર્ડકોપીમાં અત્રે મોકલવાની રહેશે નહી જે અંગે આપને સુચિત કરવામાં આવે છે અને જે અંગે આપની કક્ષાએથી તમામ કૉલેજોને જાણ કરવા પરિપત્રિત કરવામાં આવે છે.

નોંધ પર મળેલ માન.નિયામકશ્રીની મંજુરીને આધારે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગાંધીનગર.

પ્રતિ,
જરૂરી અમલીકરણ સારૂ:
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય.
- આચાર્યશ્રી/સંચાલકશ્રી, ખાનગી કૉલેજો/સંસ્થાઓ, ગુજરાત રાજ્ય.(સંબંધિત યુનિવર્સિટી મારફત)
- આચાર્યશ્રી,તમામ સરકારી કૉલેજો,ગુજરાત રાજ્ય (સંબંધિત યુનિવર્સિટી મારફત)

Scanned with OKEN Scanner

નકલ સવિનય રવાના જાણ સારૂ:

- રહસ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, બ્લોક નં-૫/૮, સચિવાલય,ગાંધીનગર (અધિક મુખ્ય સચિવશ્રીના ધ્યાન પર લાવવા સારૂ)
- રહસ્ય સચિવશ્રી, વાઇસ ચાન્સેલરશ્રી તમામ સરકારી યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય. (વાઇસ ચાન્સેલરશ્રી ના ધ્યાન પર લાવવા સારૂ)
- નાયબ સચિવશ્રી, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, બ્લોક નં-૫/૮, સચિવાલય,ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી,માન.નિયામકશ્રી, સદર કચેરી. (માન.નિયામકશ્રીના ધ્યાન પર લાવવા સારૂ)

Scanned with OKEN Scanner